**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૫/૦૮/૨૦૧૭ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૦૯/૧૭**

અમદાવાદ શહેર વિસ્તાર ચેઇન સ્નેચીંગ કરનાર
કુખ્યાત આરોપીને **ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલ્કત સબંધી ધાડ લુટના અનડીટેક ગુન્હાઓમા સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરી, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.આર.મકવાણા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા સ્ટાફનાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે આરોપી **અર્જુન S/O ભગવાનલાલ નાનાજી મીણા ઉવ.૪૭** રહે. બીલખ, પોસ્ટ- ગડાવડ થાના કેસરીયાજી તા.ખેરવાડા જી.ઉદેપુર રાજસ્થાન નાને તા.૨૪/૦૮/૨૦૧૭ ના રોજ નરોડા ફાટક પાસેથી ઝડપી પાડેલ છે.

ઉપરોકત ઇસમની પુછપરછ કરતાં અગાઉ રાજસ્થાન ડુંગરપુર અજમેર, જયપુર, ઉદેપુર શહેરો માં મારામારીના તથા ચેનસ્નેચીંગના ગુન્હાઓમા પકડાયેલ છે સને ૧૯૯૭ ની સાલથી અમદાવાદ શહેરમાં વટવા, નરોડા, ઓઢવ, બાપુનગર, સેટેલાઇટ, અમરાઇવાડી, નારાણપુરા, તથા અન્ય બીજા પોલીસ સ્ટેશન ના ગુન્હાઓમા મળી ૩૫ જેટલા ગુન્હાઓમા પકડાયેલ ત્યારબાદ સને ૨૦૧૪ ની સાલમા અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચમા પોતાના સાગરીત કનૈયાલાલ શંકરલાલ મીણા સાથે ચેઇન સ્નેચીંગ તથા મો.સા. ચોરીના ગુન્હાઓમા પકડાયેલ અને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાથી જામનગર જેલ ખાતે પાસા અટકાયત થયેલ.

ત્યારબાદ આજથી દોઢ પોણા બે વર્ષ પહેલા પોતે તથા પોતાનો સાગરીત કનૈયા મીણા બંન્ને જણા અમદાવાદ શહેરમા આવેલ અને અમદાવાદ મા જુદાજુદા વિસ્તારમાં ફરેલા અને પોતાને વધારે પૈસાની જરૂર હોય વધારે ચેન સ્નેચીંગ કરવાનું નક્કી કરેલ અને અમદાવાદ મા જુદાજુદા વિસ્તારોમા છેલ્લા દોઢ પોણા બે વર્ષ દરમ્યાન સોલા, સેટેલાઇટ, વસ્ત્રાપુર, ઘાટલોડીયા, મણિનગર, ઇસનપુર, કાંકારીયા, કૃષ્ણનગર, નિકોલ, નારણપુરા, વિગેરે વિસ્તારોમાં ચાલતા જતી સ્ત્રીઓ કે મો.સા. કે એકટીવા ઉપર બેસી જતી સ્ત્રીઓના ગળા મા પહેરેલ સોનાની ચેનો કે હાર કે મંગળસુત્ર પહેરેલ હોય તે ચાલુ મોસા. ઉપર ઝુંટવી નાસી જતા હોવાનું અને ચેન પોતાનો સાગરીત કનૈયો કોઇ સોની ને વેચી આવેલ અને તે પૈસા સરખે ભાગે વેચી દેતા હોવાનુ અને તે ગુન્હામા સંડોવાયેલ હોવાનું જણાવતો હોવાની કબુલાત કરેલ હોય નીચે મુજબના ગુન્હાઓછે.

**<u>દાખલ થયેલ ગુન્હાઓ</u>**

(૧) નવરંગપુરા પોસ્ટેશન I ગુ.ર.નં.૦૮/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૨) ઇસનપુર પોસ્ટેશન I ગુ.ર.નં.૪૧/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૩) કૃષ્ણનગર પો.સ્ટેશન I ગુ.ર.નં.૫૧/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૪) આનંદનગર પોસ્ટેશન I ગુ.ર.નં.૪૯/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૫) વસ્ત્રાપુર પોસ્ટેશન I ગુ.ર.નં.૧૭૬/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૯૨,૧૧૪ મુજબ

(૬) નારણપુરા પોસ્ટેશન I ગુ.ર.નં.૮૫/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૭) કૃષ્ણનગર પો.સ્ટેશન I ગુ.ર.નં.૧૫૮/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૮) વસ્ત્રાપુર પોસ્ટેશન I ગુ.ર.નં.૧૭૭/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૯) ઘાટલોડીયા પો.સ્ટેશન I ગુ.ર.નં.૧૦૬/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૧૦) કાગડાપીઠ પો.સ્ટેશન I ગુ.ર.નં.૧૦૮/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૧૧) નારણપુરા પોસ્ટેશન I ગુ.ર.નં.૮૬/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૧૨) નિકોલપો.સ્ટેશન I ગુ.ર.નં.૧૫૪/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૧૩) એલીસબ્રીજ પો.સ્ટેશન I ગુ.ર.નં.૧૦૦/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૧૪) નિકોલ પો.સ્ટેશન I ગુ.ર.નં.૧૫૨/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

(૧૫) ઓઢવ પો.સ્ટેશન I ગુ.ર.નં.૧૪૦/૨૦૧૬ ઇ.પી.કો. કલમ:- ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ

ઉપરોકત આરોપીની મોડસ ઓપરેન્ડી એવી છે કે પોતે તથા પોતાના સાગરીત કનૈયા મીણા બન્નેજણા મો.સા. ઉપયોગ કરતા હતા જેમા કનૈયા નાનો મો.સા. ચલાવતો હતો અને આરોપી અર્જુનમીણા પાછળ બેસતો અને ચાલુ બાઇકે કોઇ બહેન ચાલતા કે કોઇ વાહનમા જતા હોય ત્યારે તેની પાસે જઇ ચાલુ બાઇકે તેમના ગળામા પહેરેલ સોનાના ચેન કે હાર કેમંગળસુત્રો તોડી ઝુંટવી નાસી જતા હતા અને સ્ત્રીઓના ગળા માંથી ઝુંટવેલ ચેન કે મંગળસુત્રો કે હાર લઇ ને પરત રાજસ્થાન પોતાના વતનમા જતા રહેતા હતા.આમ સદર ગુન્હામા સંડોવાયેલ આરોપીને ઉપરોકત પોલીસ સ્ટેશના ગુન્હાઓમા સોપવા તજવીજ કરવામા આવેલ છે.

**<u>(૨)</u>**

<u>**અમદાવાદ શહેરમાં** "ચંડોળા બોમ્બે હોટલની પાછળ ઇન્દીરાનગર ખાતે હીરો તથા સર્વો કંપનીના ઓઇલના સ્ટીકરો તથા પ્લાસ્ટીકના ડબ્બાઓ બનાવી ડબ્બાઓમા નીચી ગુણવતાવાળુ લુસ ઓઇલ ભરી કંપની જેવુ સીલ કરી, ગેર કાયદેસરનો ઓઇલનો ધંધો કરનાર ત્રણ ઇસમો ફેકટરી સાથે પકડતી **અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**</u>

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડૉ. રાજદિપસિહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી પી.જી. સરવૈયા તથા પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ. કોરોટ તથા શ્રી કે.ડી. જાડેજા નાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ગઇ તા.૧૭/૦૮/૨૦૧૭ નારોજ ચંડોળા નારોલ રોડ પર ની મદીના મસ્જીદ પાસે અને બોમ્બે હોટલની પાછળ ઇન્દીરાનગર ના

બંગલા નં બી/૨૭ ઇસનપુર ખાતે શેડ માંથી હીરો4T પ્લસ તથા સર્વો ના 900 ML ના ઓઇલના ડબ્બાઓ તથા ડોલોમાં લુઝ ઓઇલ ભરી તે ડબ્બા પર હિરો ત્તથા સર્વો કંપની ના સીલ અનેલેબલ લગાડી પેક કરવાનું કામ કરતા (૧) જુનેદ અબ્દુલલતીફ કુરેશી ઉ.વ.૩૬ રહે. ૯૩, હાજી ગફુર મંજીલ, ગલી નં.૩, ચિરાગ પાર્ક, નારોલ રોડ, દાણીલીમડા અમદાવાદ શહેર (૨) મોઈન ઉસમાનભાઈ નાગોરી ઉ.વ.૧૯ રહે. મ.નં.૧૭, પાકીઝા સોસાયટી મીરા ટોકીઝની પાછળ શાહ આલમ અમદાવાદ (૩) અસલમભાઈ મુમતાજભાઈ કુરેશી ઉવ.૪૭ રહે. બી/૨૩, ઈન્દીરાનગર બોમ્બે હોટલની પાછળ નારોલ રોડ અમદાવાદ નાઓને પકડેલ તેઓની પાસેથી હીરો 4T પ્લસ તથા સર્વો ના 900 ML ના ખાલી ડબ્બા તથા ઓઇલ ભરેલા ડબ્બા તથા સ્ટીકરો તથા ઓઇલના ડબ્બા સીલ કરવાનુ ચાઇના નું મશીન, બેરલ નંગ-૯ જેમાં એક બેરલમાં ૧૮૦ લીટર ઓઇલ ભરેલુ અને બાકીના ખાલી બેરલો, તથા બેરલમાંથી ઓઇલ કાઢવાનો પંપ તથા ગરણીઓ તથા માપીયા તથા ડીપ માપવાની પટ્ટી, પુઠાના બોક્ષ, સર્વો તથા મેકના સિમ્બોલ વાળા સેલો ટેપના રોલો, વિગેરે કિ.રૂ.૧,૭૨,૧૦૦/- ગણી તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત મળી આવેલ મુદામાલબાબતે હીરો તથા સર્વો કંપનીના ઓઇલ બાબતે તપાસ કરતાં જુનેદ અબ્દુલલતીફ કુરેશી નાઓ હીરો 4T પ્લસ તથા સર્વો ના 900 ML ના ઓઇલના ડબ્બાઓ તથા ડોલોમાં લુઝ ઓઇલ ભરી તે ડબ્બા પર હિરો ત્તથા સર્વો કંપની ના સીલ અને લેબલ લગાડી પેક કરી વેચાણ કરતો હોવાનુ જણાય આવેલ. અને જે બાબતે ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લી. કંપની તરફથી નિમેલ ઓથોરાઇઝ અભિષેક સ/ઓ અંજનીકુમાર જાતે શ્રીવાસ્તવ નાઓએ ફરીયાદ આપતા ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. જે ફરીયાદની તપાસ પો.સબ.ઇન્સ. કે.ડી. જાડેજા નાઓ કરી રહેલ છે.

**<u>વટવા પોલીસ સ્ટેશન :</u>**

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

<u>મિલ્કત સબંધી</u>

મે. પોલીસ કમિશ્નરશ્રીના અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૪૯૬/૨૦૧૭ તા.૩૧/૦૭/૨૦૧૭ પાસા અટકાયતી નામે મોહમદહનીફ ઉર્ફે પતલી સ/ઓ મોહમદહુસેનભાઈ જાતે-શેખ ઉવ.૨૮ રહે, બ્લોક નં.૪૮/૧૫૩૩ વસંતગજેન્દ્રગડકરનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં દાખલ થયેલ મિલ્કત સબંધી સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૪/૦૮/૨૦૧૭ ના કલાક ૧૯/૪૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.